R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :www.jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com (મો)૯૮૨૫૧૬૯૩૮૬

YEAR-21 • ISSUE: 02. DATE: 14-01-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

## બ્રિટન એક ખ્રિસ્તી રાષ્ટ્ર છે : ડેવીડ કેમરુન



કિંગ જેમ્સ બાયબલની ૪૦૦મી જયંતિની ઉજવણી નિમિત્તે યોજાયેલ એક સમારંભમાં બ્રિટનના વડાપ્રધાનશ્રી ડેવીડ કેમરુને જણાવ્યું હતું કે બ્રિટન એક ખ્રિસ્તી રાષ્ટ્ર છે અને અમો એમ કહેતા ડરતા નથી.ક્રાઈસ્ટ ચર્ચ ખાતે તેમણે આ જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે ક્રિશ્ચિયાનીટીએ બ્રિટનને એક સહનશીલ રાષ્ટ્ર અને તેને નૈતિક ઢાંચામાં ઢાળ્યું છે.તેમણે પોતાની જાતને એક કમિટેડ ખ્રિસ્તી વ્યક્તિ તરીકે બતાવ્યા હતા.પરંતુ તેમણે એવું પણ જણાવ્યું હતું કે જ્યારે મુશ્કેલ પ્રશ્નો જેવાકે મોટા ધાર્મિક ઈસ્યુ આવે છે ત્યારે ખ્રિસ્તીઓ ખુબજ શંકાશીલ હોય છે.મારે એક બાબત સ્પષ્ટ કરવી છે કે અમો વિશ્વાસ બાબતે સ્પષ્ટ છીએ,અન્ય કોઈ વિશ્વાસમાં માનતા નથી.તેમજ અવિશ્વાસુ પણ નથી.હું જાણું છું કે તેમજ તેમને માન પણ આપું છું કે જેઓ આ દેશમાં વસે છે તે પૈકીના કેટલાંક લોકોનો કોઈ ધર્મ જ નથી.હું અભિમાન કરુ છું કે બ્રિટન એક એવું ઘર છે જ્યાં જુદા જુદા વિશ્વાસમાં માનતા લોકો રહે છે.અને તેઓ દ્વારા પર દેશ મજબુત બન્યો છે.પરંતુ બાયબલે બ્રિટનને તેના મુલ્યો અને નૈતિકતા બાબતે ખુબજ મદદ કરી છે.બ્રિટન આજે છે તેને આભારી છે.મુલ્યો અને નૈતિકતાને અમો માન આપીએ છીએ અને તેની કદર કરીએ છીએ.બ્રિટનની ભાષા,સંસ્કૃતિ અને રાજકારણ એ બાયબલ આધારિત છે.અમો તેની નોંધ લઈએ છીએ.કીંગ જેમ્સ બાયબલમા જે ભાષા વાપરવામાં આવી છે તેમાં અમો રહીએ છીએ,પરંતુ કેટલીક વાર તેની કદર કરતાં નથી.ચર્ચીસે સેમીનારો,પ્રદર્શનો અને ખાસ મીટીંગો તેમજ કેટલાક અન્ય ઈવેન્ટનું વર્ષ દરમિયાન કીંગ જેમ્સ બાયબલની ૪૦૦મી જયંતિની ઉજવણી નિમિત્તે આયોજન કર્યું છે.તેની પ્રથમ આવૃતિ ૧૬૧૧માં તૈયાર કરવામાં આવી હતી.

વેસ્ટમિનીસ્ટર એવી ખાતે આ ઉજવણી માટે ખાસ સર્વીસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બ્રિટનના રાણીએ હાજરી આપી હતી.

## ટાઇટેનીકના અવશેષોની હરાજી કરવામાં આવશે

૧૦૦ વર્ષ પહેલાં જળસમાધિ લીધેલ ટાઈટેનીક જહાજના અવશેષો સહિતના ૫૦૦૦ જેટલી ચીજવસ્તુઓનું હરાજી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.વિશ્વના સૌથી મોટા જહાજ તરીકે નામના પામેલુ ટાઈટેનીક ૧૫મી એપ્રિલ,૧૯૧૨માં ઉત્તર એટલાંટિકમાં બરફના પહાડ સાથે ટક્કર થવાથી ડુબી જવા પામ્યું હતું.૧૦૦ વર્ષ બાદ તેના અવશેષોનું બ્રિટનના સાઉથમ્પ્ટન ખાતે લિલામ થશે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## નોર્થ કોરીયામાં ખ્રિસ્તીઓનું ભાવિ ખતરામાં

નોર્થ કોરીયા તેના લીડર કીમ જોગ ઈલ ના અવસાન બાદ એક કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે.૬૯ વર્ષીય સરમુખ્યતાર અચાનક હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા,તેથી એક શુન્યઅવકાશ પેદા થયો છે.જો કે નવી નેતાગીરીની બાગડોર તેમના પુત્ર કીમ જોગ ઉને સંભાળી છે.૧૯૯૪થી તેમના અવસાન સુધી તેમના સત્તાકાળ દરમિયાન સૌથી વધુ હ્યુમનરાઈટસ ભંગના બનાવો આ દેશમાં બન્યા છે જે એક વિશ્વ રેકોર્ડ છે.અહીયા ધાર્મિક સ્વાતંત્રતાને અવકાશ નથી.અને જો કોઈ તેમ કરતાં પકડાય તો તેને આકરી સજા ભોગવવી પડે છે.ખ્રિસ્તીઓ લાંબા કેદની સજાઓ ભોગવી રહ્યા છે.તેવું ક્રિશ્ચિયન રાઈટસ ગ્રુપે તેના અહેવાલમાં જણાવ્યુ હતું.

આ સરમુખત્યારની એક ક્રુર શાસક તરીકે ગણના થાય છે.તેઓ ઘણા બધા એક્રોસીટીના ભંગ બદલ જવાબદાર છે.તેમના અવસાનથી દેશનું ભવિષ્ય અજાણ્યું બન્યું છે.

અભ્યાસીઓના મતે કીમ જોંગ ઉનના શાસનમાં હ્યુમન રાઈટ્સની પરિસ્થિતિ સારી બને છે કે ખરાબ તે સમય બતાવશે.મી. મોઈલરના જણાવ્યા મુજબ ૫૦ હજાર ખ્રિસ્તીઓ નોર્થ કોરીયાની જેલોમાં બંધ છે તેમના માટે પ્રાર્થના કરવા અપીલ કરી છે.દેશનું ભવિષ્ય શું છે તે તો માત્ર ઈશ્વર જ જાણી શકે છે.તેથી બહાદુર ખ્રિસ્તીઓ જેઓ નોર્થ કોરીયામાં વસે છે તેમના માટે વિશ્વભરના ખ્રિસ્તીઓને પ્રાર્થના કરવા વિનંતી કરી છે.જેથી તેઓ સતાવણી સહન કરવા માટે સક્ષમ બને.વર્લ્ડ વોચ લિસ્ટ પ્રમાણે સતાવણીમાં નોર્થ કોરીયા છેલ્લા નવ વર્ષોમાં મોખરે છે.કેટલાંક એવું માને છે કે કીમના અવસાન બાદ નોર્થ કોરીયાની પોલીસીમાં કોઈ ફેરફાર આવી શકે છે.નવા નેતા કીમ જોંગ ઉન પોતાની સત્તા ટકાવવા માટે ગમે તે હદે જઈ શકે છે.નોર્થ કોરીયામા બદલાવ આવી શકે છે તેના માટે પ્રાર્થનાઓ જરુરી છે.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

## પ્રખર નાસ્તિકવાદી ક્રિસ્ટોફર હિચન્સનું અવસાન



પ્રખર નાસ્તિકવાદી ક્રિસ્ટોફર હિચન્સનું ૬૨ વર્ષની વયે કેન્સર સેન્ટર, હોસ્ટન ખાતે કેન્સરની બિમારી સામે ઝઝુમતા અવસાન થયું હતું.તેઓએ કદી પોતાની જાતને પોતાનું સત્ય કહેતા છુપાવી નહોતી.તેઓ વિશ્વાસીઓને પોતાની વાત કહેતા ડરતા નહોતા.તેઓ ઈશ્વર અને વિશ્વાસ બાબતે તેઓ જે વિચારતા હતા તે કહેતા હતા.તેઓ એવું કહેતા હતા કે વિશ્વ ઈશ્વર અને વિશ્વાસ વગર પણ સારુ છે.તેઓ નાસ્તિકવાદના પ્રખર પ્રચારક હતા.ખ્રિસ્તીઓ માટે તેઓ એક યાદગાર અને વિદ્વાન વ્યક્તિ હતા.તેઓ હંમેશા વિશ્વાસીઓ માટે એક પડકારરુપ રહ્યા હતા.તેઓ એક સારા દલીલકાર હતા.તેઓ તેમના જીવનકાળ દરમિયાન ઘણા બધા પ્રશ્નો સાથે સકળાયેલા હતા.તેઓનું પુસ્તક 'ગોડ ઈઝ નોટ ગ્રેટ'માટે વિખ્યાત બન્યા હતા.તેમનું આ પુસ્તક બેસ્ટસેલર પુસ્તક હતું.

તેમના અંતિમ ક્ષણોની મુલાકાતમાં તેમના નજીકના એક મિત્રને રીચાર્ડ ડોવકીન્સને ક્રિસમસ ઈસ્યુ ઓફ ન્યુ સ્ટેટમેન બાબતે જણાવ્યું હતું કે તેમણે ૧૯૩૦થી ચર્ચ સાથેનો સંપર્ક છોડી દીધો હતો.ગત વર્ષે તેમને કેન્સર હોવાની જાણ થઈ હતી.પરંતુ આ ગંભીર બિમારીની તેમના વિચારો પર કોઈ અસર પડી નહોતી.ગત નવેમ્બરમાં ટેલીવીઝન પર યોજાયેલ એક ડીબેટમાં ટોની બ્લેર સાથેની ચર્ચામાં તેમણે દલીલ કરી હતી કે વિશ્વાસ જબરજસ્તીથી સારા માટે પણ કરી શકાય નહી.ગાર્ડીયને ચર્ચાના બીજા દિવસે એવું મથાળુ બાંધ્યુ હતું કે ક્રિસ્ટોફર હિચન્સ ૧-૦ ટોની બ્લેર.

તેમની માંદગીની ગંભીરતા જાણ્યા બાદ તેમણે ખ્રિસ્તીઓ માટે સંદેશો આપ્યો હતો કે બહેરા સ્વર્ગને કષ્ટ આપશો નહી.અને તેમના માટે પ્રાર્થના કરશો નહી.પરંતુ ખ્રિસ્તી લોકોએ તેમની ઝડપથી તંદુરસ્તી મળે માટે પ્રાર્થનાઓ કરી હતી.હિચન્સે પ્રાર્થના કરતાં લોકો માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી પરંતુ તેમણે કહ્યું હતું કે મૃત્યુ મારા હાથની નજીકના અંતરે ઉભું છે.પરંતુ મરણપથારીએથી હું પાછો વિશ્વાસમાં ફરીશ તેવું માનશો નહીં.મૃત્યુ આવશે જ્યારે હું ગંભીર રીતે માંદો હોઈશ.મારો મારા પર કોઈ પણ જાતનો કાબુ નહી હોય અને તે તેનું કાર્ય કરશે.

ઈશ્વરમાં માનનારા અને નાસ્તિકવાદમાં માનનારાઓ ક્રિસ્ટોફર હિચન્સને શ્રધ્ધાંજલી આપી હતી.

## માર્ગ અકસ્માતોમાં આકરી સજા કરાશે : સુપ્રીમ કોર્ટ

દેશભરમાં જીવલેણ અકસ્માતોની સંખ્યા ખુબજ વધી ગઈ હોવાના સંદર્ભે સુપ્રીમ કોર્ટે ચિતા વ્યકત્ કરતાં જણાવ્યું હતુ કે આવી દુર્ઘટનાઓ સર્જનાર ડ્રાઈવરોને આકરામાં આકરી સજા ફટકારાશે.સુપ્રીમના ન્યાયમુર્તિઓ પી.સથશિવમ અને જે ચેલામેશ્વરની બેંચે આ અંગે પંજાબમાં ૧૯૯૨માં સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં બે બસ ડ્રાઈવરોને અને અન્યની સજામાં વધારો કરીને વધુ છ મહિનાની સજા અને આકરી કેદની સજા ફટકારી હતી.

બેદરકારી અને ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવીને લોકોના મૃત્યુ કે ઈજા પહોચાડવાનો ગુનો ગંભીર છે તેવું જણાવીને કોર્ટે આવા કેસમાં જવાબદારોને આકરામાં આકરી સજા ફટકારવાની તરફેણ કરી છે.અકસ્માત સર્જનારાઓએ એવું માનવું જોઈએ નહી કે તેઓ ગુનો કરશે તો કોર્ટ તેમની સાથે નરમાઈ દાખવશે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
www.jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર ન્યુ ઝ અને ઈવેન્ટ વિભાગમાં જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

૨૦૧૨નું નવું વર્ષ સહુને માટે સુખાકારી લાવે તેવી અંતરની ઈચ્છા કોને ન હોય,જ્યારે આપણો દેશ કેટલાક ગંભીર પ્રશ્નોનો સામનો કરી રહ્યો છે.મોંઘવારીનો આંક હરણફાળ ભરી રહ્યો છે.યુવાનો બેરોજગાર છે.કુટુંબો ભાંગી રહ્યા છે.સમાજ છિન્નભિન્ન થઈ રહ્યો છે.ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે.કોઈ રસ્તો દેખાતો નથી.

હા, એક રસ્તો છે અને તે એ છે કે આપણે ઈશ્વરની પાસે સારુ આયોજન અને સારી વ્યવસ્થા માટે માંગણી કરીએ.પ્રભુ પિતા પાસે એ સાર્મથ્ય છે કે તે તમામ વ્યવસ્થાઓને વ્યવસ્થિત કરી શકે છે.તમે એ માટે અવશ્ય પ્રાર્થના કરો.જેથી ૨૦૧૨ નું વર્ષ સહુને માટે સુખાકારી લાવે.

## મંતવ્ય

ભારતમાં ૧.૨ કરોડ અંધ લોકો છે.તેમને દ્રષ્ટ્રી આપવા ભારતને વર્ષે ૧ લાખ આંખોની જરુરીયાત છે. આપણે બધા જાણીએ છીએ કે મનુષ્યના જીવનમાં આંખો એક ખાસ અગત્યનું અંગ છે. પરંતુ મનુષ્યના મરણ પછી તે માનવી માટે કશા કામની નથી. જેથી જો મનુષ્ય તેની આંખોનું દાન કરે, ચક્ષુદાન કરે તો બીજી એક વ્યક્તિના જીવનમાં તેનાથી રોશની આવી શકે છે.જેથી દરેક માનવીએ તેના મરણ બાદ ચક્ષુદાન માટે વિચારવું જોઈએ.

બેફામ વસ્તી વધારો એ દેશના વિકાસમાં ભ્રષ્ટાચાર જેટલું જ મહત્વનું પરિબળ છે. વસ્તી વધારા ઉપર બ્રેક મારવી એ આજની તાતી જરુરીયાત છે.ત્યારે અન્ના હજારે એ લોકપાલ બીલની માફક વસ્તી વધારો રોકવા માટેનું બીલ લાવવા માટે દેશવ્યાપી ઝુંબેશ ચલાવવી જોઈએ.

જયાનંદ એ.ગોહિલ, નવદીપનગર, નડીયાદ.

## ક્યા હુઆ તેરા વાદા, યે કસમ યે ઈરાદા ?

અણ્ણા હઝારેએ ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ ઉપાડી તે દિવસથી શરૂ કરીને સંસદનું શીતકાલીન સત્ર પૂરું થયું ત્યાં લગી વડાપ્રધાન મનમોહનસિંઘ એકનું એક વિધાન યાને સ્લોગનનું રટણ કરતા આવ્યા હતા અને તે છેઃ મારી સરકાર ભ્રષ્ટાચાર નાબૂદ કરવા કટિબદ્ધ છે અને એક મજબૂત લોકપાલ રાષ્ટ્રને આપવા પ્રતિબદ્ધ છે. આપણે તાજેતરમાં જોયું કે વડાપ્રધાને પોતાનું વચન પાળ્યું નથી એટલું જ નહિ એ સાવ નબળા અને લાચાર નીવડ્યા છે. એમનું સરકારમાં કશું જ ચાલતું નથી. રાજ્યસભામાં એમને મૂંગે મોઢે બેસતા જોઈને આપણને શરમ આવે છે. આવા પ્રધાનમંત્રી ભ્રષ્ટાચાર સામે કેવી રીતે લડી શકે? ? મજબૂત લોકપાલ કેવી રીતે આપી શકે? એમનાં વિધાનો ને વચનો તો 'વાઘ આવ્યો રે ભઈ વાઘ' જેવાં ગણાય. એના પર હવે વિશ્વાસ રખી શકાય નહિ.

ફાધર વિલિયમ

## 'અમે લડી લઈશું'- સોનિયા ગાંધીએ એ સાચે જ કરી બતાવ્યું.

સંસદમાં મજબૂત લોકપાલ બીલ ના લાવવા તથા પસાર ના કરાવવા માટે યુપીએ સરકારને દોષિત ગણતા અને આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસ વિરુદ્ધ પ્રચાર કરવાનું જાહેર કરતા અણ્ણા હઝારેને કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીએ 'અમે લડી લઈશું' એવો જે પડકાર ફેંકેલો તે ખરેખર તેમણે પાળી બતાવ્યો છે! સંસદમાં છેવટે યુપીએ સરકારે લોકપાલ બિલ પસાર કરાવ્યું નહિ અને એ રીતે ખરેખર અણ્ણા હઝારેને પરાજય આપ્યો છે. ક્રિકેટ મેચ ફીક્સીંગની જેમ જે અગાથી નક્કી કર્યા મુજબ લોકપાલ બિલ પણ ફીક્સીંગ જ હતું. એકેય રાજકારણી કે એકેય રાજકીય પક્ષ લોકપાલ આવે એવું ઈચ્છતો નહોતો કારણ સહુ કોઈ ભ્રષ્ટાચારમાં ખરડાયેલા છે.સંસદમાં એકબીજાને દોષ દેવો અને જોરદાર દલીલો કરવી એ માત્ર એક નાટક હતું. રાજ્યસભાનું સત્ર પૂરું થયેલું જાહેર કરાયું ત્યારે એકબીજાના ખભે હાથ મૂકીને હસતા હસતા ગૃહમાંથી બહાર નીકળતા ને ત્યાર પછી સાથે બેસીને ભોજનની મઝા માણતા સાંસદોને જોતાં એમની પ્રામાણિકતા અને નિખાલસતા પર કોઈને વિશ્વાસ આવે નહિ. શાસક પક્ષના અને વિરોધ પક્ષના સહુ સાંસદોએ દેશના નાગરિકોની હાંસી ઉડાવી છે ને સહુને મૂર્ખ બનાવ્યા છે.

ફાધર વિલિયમ


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## ગુજરાતી ક્રિશ્ચિયન પ્રેસ કાઉન્સીલના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી થઇ

નડીઆદ પાસ્ટરલ સેન્ટર ખાતે તા.૧૮-૧૨-૧૧ના રોજ સંસ્થાના અધ્યક્ષશ્રી ફાધર વર્ગીસ પોલ તથા પ્રમુખશ્રી નવિન મેકવાનની ઉપસ્થિતિમાં આગામી સત્ર માટે ગુજરાત ક્રિશ્ચિયન કાઉન્સીલ ના નવા વર્ષના હોદ્દેદારો અનુક્રમે પ્રમુખ શ્રી સુરેન્દ આસ્થાવાદી, ઉપપ્રમુખ બ્રધર સેમ્યુલ ક્રિશ્ચિયન, મંત્રીશ્રી નરેન્દ્રકુમાર પરમાર તથા ટ્રેઝરર તરીકે શ્રી કે.પી.રાજભારતીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવા વરાયેલા હોદ્દેદારોએ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ કરવા વિવિધ પ્રકારના કાર્યક્રમો આપવા પ્રાર્થના કરી આભાર માની સર્વ હોદ્દેદારોને અભિનંદન પાઠવી સમાપન કર્યું હતું.

પ્રેષકઃકે.પી.રાજભારતી

## કુ.રિક્તી પ્રવાસીએ જુડોમાં સિલ્વર મેડલ જીત્યો

નડીઆદના વતની,જવાહર નવોદળ વિદ્યાલય,કઠલાલની વિદ્યાર્થીની અને એલીમ મેથોડીસ્ટ ચર્ચ,નડીઆદની સભ્ય કુ.રિક્તી કિરીટકુમાર પ્રવાસીએ ગુજરાત સરકાર આયોજીત ખેલ મહાકુંભમાં જુડો અંડર ૧૬સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર ખેડા જીલ્લામાં પ્રથમ નંબરે રહી પાંચ હજારનો પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો.ત્યાર બાદ તે સેમી ફાઈનલમાં પણ પ્રથમ નંબરે રહી હતી.અંતે અમદાવાદ ખાતે આયોજિત ફાઈનલ સ્પર્ધામાં બીજો નંબર પ્રાપ્ત કરી ખેલકુદ મંત્રીશ્રી ફકીરભાઈ વાધેલાના હસ્તે સિલ્વર મેડલ તથા સાત હજાર રુપીયાનો પુરસ્કાર-ચેક ગ્રહણ કરેલ છે.સમગ્ર ગુજરાત રાજયમાં જુડો અંડર ૧૬સ્પર્ધામાં દ્રિતિય નંબર મેળવીને રિક્તી પ્રવાસીએ જવાહર નવોદય વિદ્યાલય, કઠલાલ અને ખ્રિસ્તી સમાજ અને સમગ્ર ખેડા જીલ્લાનું ગૌરવ વધારેલ છે.રિક્તી પ્રવાસીને અભિનંદન !


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬


## સોસ્યલ કમ્યુનિકેશન ફોરમમાં રીના પ્રશાંત જોબની નિયુક્તિ

ખ્રિસ્તીઓમાં મીડીઆના મહત્ત્વ તથા સામર્થ્ય અંગે સભાનતા પ્રગટે અને સ્વસ્થ સમાજના નિર્માણમાં તેનો ઉપયોગ કરવાનો ઉત્સાહ જાગે એવા



ધ્યેયને વરીને ભારતના કેથોલિક બિશપોના એસોસીએશન સી.બી.સી.આઈ.એ સોસ્યલ કમ્યુનિકેશન ફોરમની રચના કરી છે. વેસ્ટર્ન રીજન કે જેમાં મહારાષ્ટ્ર તથા ગુજરાતનો સમાવેશ થાય છે તેના વેસ્ટર્ન રીજ્યનલ સોસ્યલ કમ્યુનિકેશન ફોરમમાં ગુજરાતમાંથી પાંચ સભ્યો છે તેમાં હવે તાજેતરમાં મહિલા સભ્ય તરીકે રીના પ્રશાંત જોબની નિયુક્તિ કરવામાં આવી છે. રીનાબેને 'રિશ્તા' સંચાલિત ત્રણ માસની પત્રકારત્વ તાલીમમાં અને ક્રિએટીવ રાઈટીંગ શિબિરોમાં જોડાઈને લઘુકથા તથા ગઝલ લેખનમાં પણ ભાગ લીધો હતો. પાંચેક વર્ષ પહેલાં તેમણે મલ્લિકા સારાભાઈ દ્વારા મહિલાઓનું સામાજિક ક્ષેત્રે પ્રદાન વિષયે શરૂ કરાયેલ ટી.વી. સીરીયલમાં 'રિશ્તા' ના ઉપક્રમે સક્રિય ભૂમિકા ભજવી હતી. ચાર સાલ પહેલાં 'આકાશવાણી-અમદાવાદ વડોદરા' પરથી પ્રસારિત કરાયેલ નાતાલ રેડીઓ નાટકના રેકોર્ડીંગમાં પણ રીનાબેને ભૂમિકા ભજવી હતી. અવારનવાર ' નવક્રાંતિ' માં પણ મહિલા જાગૃતિ વિષયે તેમનાં લખાણો પ્રસિદ્ધ થયાં છે. રીનાબેનની નિયુક્તિ બદલ 'રિશ્તા' તથા ' નવક્રાંતિ' તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે અને મીડીઆ ક્ષેત્રે તેઓ તેમનું પ્રદાન કરતા રહી અન્ય ખ્રિસ્તી મહિલાઓને પ્રેરણા આપે તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

(પ્રેષકઃ ફાધર વિલિયમ)

## " દયા ધર્મ કા મુલ હૈ "

માણસાઈ વિના ધર્મ સંભવિત નથી. જે 'માણસ' ન હોય તે ધાર્મિક બની શકે જ નહીં અને માણસ બનવા માટે તેનામાં સહાનુભુતિ,બીજાનું દુઃખ,બીજાની સ્થિતિ સમજવાની ક્ષમતા હોવી જોઈએ. જેનામાં સહાનુભુતિ ન હોય તે ધર્મને પામી શકે નહીં.

તુલસીદાસ કહે છે કે " દયા ધર્મ કા મુલ હૈ " દયાહીન માણસ ધર્મને સમજી શકતો જ નથી. વાલિયા લુંટારામાંથી ઋષિ બનનાર વ્યક્તિના મનમાં કૌચવધથી આઘાત જન્મે છે. આઘાતમાંથી સહાનુભુતિ જન્મે છે અને સહાનુભુતિમાંથી ધર્મ જન્મે છે.જેસલ જેવા લુંટારાના મનમાં દયાનું ઝરણું ફુટે છે અને એની જીંદગીનું વહેણ જ બદલાઈ જાય છે.

માણસ જ્યારે પોતાને બીજા માણસની સ્થિતિમાં મુકી જુએ છે ત્યારે જ તેનામાં સહાનુભુતિનો ઉદ્ભવ થાય છે.બીજાનું ખુન કરનાર કે હુલ્લડમાં બીજાને મારી નાંખનાર કે સળગાવી દેનાર માણસો,જે એવી જ સ્થિતિમાં પોતાને મુકી જુઅ, મરનાર પાછળ વિલાપ કરતાં નાના નિઃસહાય બાળકોની જગ્યાએ પોતાના બાળકો હોય તો પોતાને કેવું લાગે એનો વિચાર કરી જુએ તો એનામાં માણસાઈ જાગ્યા વિના ન રહે. અને માણસાઈ માણસને તેનું સાચું કર્તવ્ય અને સાચો ધર્મ ચીંધ્યા વિના ન રહે.

બીજા પણ મારા જેવા જ છે. બીજાને પણ મારા જેવી જ લાગણી થાય, મારા જેવી જ પીડા થાય અને એમને મદદરુપ થાઉં તો મારા જેવોજ આનંદ પણ થાય એવા વિચારમાંથી જ માણસાઈ જન્મે છે અને એમાંથી જ જન્મે છે સાચો ધર્મ-માનવ ધર્મ.

એટલે જ્યારે પણ આપણે કોઈ માણસ સાથે વર્તવાની વેળા આવે, જ્યારે કોઈ વ્યક્તિ આપણાં કરતાં ખરાબ સ્થિતિમાં હોય, આપણી સહાનુભુતિ ઝંખતી હોય, આપણી કોઈ નાની-મોટી મદદની અપેક્ષા રાખતી હોય, મજબુર હોય, ત્યારે એની સ્થિતિમાં આપણી જાતને થોડી વાર કલ્પીને પછી જ તેની સાથે વર્તીએ તો આપણા હ્દયમાં એના તરફ સહાનુભુતિ પ્રગટ થશે જે આપણને ઉમદા માનવી બનાવશે અને આપણે તેના તરફ એક સહ્દયી માનવી તરીકે વર્તીશું. એક અંગ્રેજી વાક્ય છે . ભલાઈ એક એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને અંધ પણ એ (ભલાઈ)જોઈ શકે છે.નવા વર્ષમાં આપણે એવો સંકલ્પ કરીએ કે આપણી ભલાઈ સહુ કોઈ જોઈ શકે.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# વિશ્વ હિંદુ પરિષદે લઘુમતીઓને અનામત આપવા સામે વિરોધ કર્યો

વિશ્વ હિંદુ પરિષદે લઘુમતીઓને ઓબીસી ક્વોટામાંથી અનામતની ફાળવણી કરવાના સરકારના નિર્ણયનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે આ પ્રકારની ધાર્મિક અનામત આપવાથી સમાજમાં અસંતોષ અને સામાજીક અસ્થિરતા વધશે જે પરિણામે સામાજીક નુકસાન પહોંચાડશે.

અમો વિરોધ કરીએ છીએ અને માંગણી કરીએ છીએ કે ઓબીસી ના ૨૭ ટકા અનામતમાં મુસ્લીમોને કેન્દ્રીય સરકારની કેબીનેટે ધર્મના પાયા પર જે અનામત આપી છે તે ભારતના બંધારણનો ભંગ કરે છે તેને દુર કરવી જોઇએ.મુસ્લીમ અને ખ્રિસ્તીઓને અનામત ના આપવી જોઇએ.વીએચપી ઇન્ટરનેશનલ જનરલ સેક્રટરી દિનેશ ચંદરે પત્રકારોને આ જણાવ્યું હતું.

સમાજને આવી અનામતો આપવાથી ભાગલા પડશે.ધર્મ અને જાતિ બે વચ્ચે મોટી ખાઇ ઉભી થશે.પરિણામે દેશ ભરમાં અરાજકતાનો જન્મ થશે.તેમના પક્ષે સાચર કમિશને આપેલી ભલામણો ફગાવી દેવા અપીલ કરી હતી.

ગત સપ્તાહે વડાપ્રધાનશ્રીના વડપણ હેઠળ કેબિનેટની મીટીંગ મળી હતી અને તેમાં ૨૭ ટકા ઓબીસીની અનામતમાં ૪.૫ ટકાનો ભાગ દલિત ખ્રિસ્તી અને દલિત મુસ્લીમોને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.૨૭ ટકા ઓબીસીની કેટેગરીમાં અધર બેકવર્ડ કલાસની અનામતમાં આ ધાર્મિક અનામતનો સમાવેશ કરવામાં આવ્યો છે.ઇંડીયન નેશનલ કોંગ્રેસના પ્રવક્તા દિગ્વીજયસિંહે જણાવ્યું હતુ કે આ જે અનામતનો ક્વોટા ફાળવવામાં આવ્યો છે તે ૨૦૦૯ ની ચુંટણીઓ દરમિયાન જાહેર કરવામાં આવેલ કોંગ્રેસ પક્ષના મેનીફેસ્ટોનો એક ભાગ છે.

૧લી જાન્યુઆરીથી આ અનામતનો લાભ દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમોને મળી શકશે.જો કે બંધારણમાં ધાર્મિક લઘુમતીઓને આવું કોઇ અનામત આપવાનું કહેલ નથી.પરંતુ દેશના નવ રાજ્યોમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી લઘુમતીઓના કેટલાક વિભાગોને આવી અનામત આપવામાં આવી છે.

જો કે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમો આઝાદી બાદ આ મુદ્દે તેમને થયેલા અન્યાય માટે સતત લડત આપતાં રહ્યા છે.આખરે છ દસકા બાદ તેમને તેમના અધીકારો બાબતે સરકારે પૃષ્ઠી કરી છે.સુપ્રીમમાં આ અંગે કેસ ચાલુ છે.

# કોલકત્તા એમરી હોસ્પીટલની આગમાં જાન કુરબાન કરનાર બે ખ્રિસ્તી નર્સોને શ્રધ્ધાંજલી



કોલકત્તાની એમરી હોસ્પીટલમાં લાગેલી આગમાં દર્દીઓને બચાવતા પોતાના જાન ગુમાવનાર બે ખ્રિસ્તી નર્સોને શ્રધ્ધાંજલી આપવા માટે હજારો લોકો એકઠા મળ્યા હતા.હોસ્પીટલમાં દાખલ થયેલા અને આગથી બચવા માટે પ્રયત્ન કરી રહેલા લોકોને સલામત રીતે હોસ્પીટલની બહાર ખસેડવામાં રેમીયા રાજન અને વિનિથા પીકે આઠ દર્દીઓને બચાવ્યા હતા.પરંતુ તેઓ બચાવ કામગીરીમાં ગુંગળાઇને મોતને ભેટ્યા હતા.આ બે ખ્રિસ્તી નર્સોના પાર્થિવ દેહ તેમના વતન કોટ્ટાયમ,કેરાલા ખાતે મોકલાયા હતા.કેન્દ્ર સરકારના મંત્રીશ્રી વ્યાલાર રવિ,સ્ટેટ નાણાંમંત્રીશ્રી કે.એમ.મની,રેવન્યુ મિનિસ્ટર થીરુવનચીયુર રાધાક્રિષ્નન તેમની શ્રધ્ધાંજલી પ્રેયર મીટીંગમાં જોડાયા હતા.

વિશેષ પ્રેયર સેંટ થોમસ સાયરો મલબાર કેથોલીક ચર્ચ ખાતે યોજાઇ હતી.ચર્ચમાં ૪૦ મિનીટ સુધી પાર્થિવ દેહને લોકોની શ્રધ્ધાંજલી આપવા માટે રાખવામાં આવ્યા હતા ત્યાર બાદ કોચી એરપોર્ટ ફ્લાઇટમાં આ બે પાર્થિવ દેહને અંતિમ વિદાય માટે મોકલવામાં આવ્યા હતા.પેરીસ પ્રીસ્ટ ફાધર માયનપારામ્પલીએ હિંદુ સમાચારને આ જાણકારી આપી હતી.કોલકત્તા ખાતે આ બે ખ્રિસ્તી નર્સોને શ્રધ્ધાંજલી આપવા માટે ૩ હજારથી વધુ લોકો આવ્યા હતા.

# ક્રિશ્ચિયન મેડીકલ કોલેજને બે રાષ્ટ્રીય પારિતોષિકો મળ્યા

ક્રિશ્ચિયન મેડીકલ કોલેજ (સીએમસી)ને આ વર્ષે બે રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા છે.આ એવોર્ડનું નામ છે 'ઇન્ડીયા હેલ્થકેર એવોર્ડ '.એક એવોર્ડ બેસ્ટ મલ્ટી સ્પેશીયાલીટી (નોન મેટ્રો એરીયા)માટે મળ્યો છે અને બીજો એવોર્ડ આ દેશની બેસ્ટ કાર્ડીયોલોજી કેર માટે આપવામાં આવ્યો છે.આ એવોર્ડના પ્રણેતા સીએનબીસી ટીવી૧૮ અને આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યુરન્સ કંપની છે.હોસ્પીટલ વતી આ એવોર્ડ એસોસીયેટ ડાયરેકટર ડો.જ્યોર્જ જોસેફ અને કાર્ડીયોલોજીના હેડ ડો.સુનીલ ચાંડીએ ,મિનિસ્ટર ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર,સુદીપ બંદોપાધ્યાય પાસેથી દિલ્હી ખાતે યોજાયેલ એક સમારંભમાં સ્વીકાર્યા હતા.આ હોસ્પીટલના કાર્ડીયોલોજી વિભાગને પ્રથમવાર આ એવોર્ડ મળ્યો છે.અને હોસ્પીટલને સતત બીજા વર્ષે પણ એવોર્ડ મળ્યો છે.ગત વર્ષે આ હોસ્પીટલને બેસ્ટ મલ્ટી સ્પેશીયાલીટી કેર કેટેગરીનો આજ સંસ્થા તરફથી એવોર્ડ મળ્યો હતો.આ વર્ષે આ કેટેગરીમાં જનરલ સર્વીસ, ખાસ વિશેષ સંભાળ રાખનાર મલ્ટી અને સીંગલ સ્પેશીયાલીટી હોસ્પીટલ તરીકેનો એવોર્ડ અપાયો છે.રાષ્ટ્રીય સ્વસ્થ બીમા યોજના એવોર્ડ પણ હોસ્પીટલને તેમની ખાસ સામાજીક સેવાઓ માટે અને WHO તરફથી પ્રાયમરી હેલ્થકેર માટે પણ એવોર્ડ અપાયો છે.

આ એવોર્ડ આપવા માટેના ખાસ નિયમોમાં હોસ્પીટલ દ્વારા દરદીને અપાતી સેવાઓ ,ઇન્ફાસ્ટ્રકચર, દર્દીની સલામતી,રેકોર્ડ,ઇનોવેશન અને રીસર્ચને આવરી લેવામાં આવે છે.ત્યારબાદ ફાયનલ લીસ્ટ બનાવાય છે.જે ડોકટરો,સ્પેશીયાલીસ્ટો અને દર્દીઓ દ્વારા તૈયાર કરાવાય છે.આ લીસ્ટતૈયાર કરનારાઓ દેશના ૧૭ શહેરોમાંથી પસંદ કરવામાં આવે છે.જેમાં ૪૦૦૦ હોસ્પીટલો આ એવોર્ડ માટેના લીસ્ટમાં હોય છે.અને તેમાંથી છેલ્લે એકને પસંદ કરીને તેને એવોર્ડ આપવામાં આવે છે.

એક સો વર્ષ જુના આ હોસ્પીટલનો હેતુ શો છે ? માત્ર અમો નમ્ર રીતે લોકોની સેવા કરીએ છીએ.સીએસીના ડાયરેકટર ડૉ સુરંજન ભટ્ટાચાર્યજીએ કહ્યું હતું.અમારો ધ્યેય તમામ આરોગ્યને લગતી જરુરીયાતો સમાજના છેક છેવાડાના માનવી સુધી અમો લંબાવીએ છીએ.ખાસ કરીને ગરીબોની સેવા માટે હંમેશા અમો તત્પર રહીએ છીએ.તેથી આવા એવોર્ડ મળે છે ત્યારે અમારુ ધ્યેય વધુ ધારદાર બને છે.

હોસ્પીટલને આ વર્ષે મળેલા બીજા એવોર્ડ બાબતે તેમણે જણાવ્યું હતું કે ' હીલીંગ વીથ ધ હ્યુમન ટચ'એવોર્ડ ઝી ટીવી તરફથી આપવામાં આવ્યો હતો.સ્વસ્થ ભારત સમાનના ભાગરુપે આપવામાં આવ્યો હતો.જે નવી દિલ્હી ખાતે ઓકટો.માં આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત વિશેષ એવોર્ડ 'નોટેબલ કોન્ટ્રીબ્યુશન ટુ શેપ ધ કલીનીકલ રીસર્ચ એન્વાયરમેન્ટ ઇન ઇન્ડીયા ' ,અને એન્ટરપ્રાઇઝ ડ્રાઇવિંગ ગ્રોથ એન્ડ એક્સલન્સ થ્રુ આઇટી એવોર્ડ, ધ ઇન્ફોરમેશન વીક તરફથી હોસ્પીટલ કોમ્પ્યુટરાઇઝેશન ઇન્ફોરમેશન સીસ્ટમ માટે આપવામાં આવ્યો હતો.આ ઉપરાંત હોસ્પીટલના બીજા વિભાગો પણ સારી એવી પ્રગતિ કરી રહ્યા છે. જેમાં નેપથ્રોલોજી પણ પ્રગતિ કરી રહ્યું છે.

ધ વીક મેગેઝીનના હોસ્પીટલોના સર્વે મુજબ સીએમસી ભારતભરમાં મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ તરીકે ત્રીજા સ્થાને આવે છે.તેવું આ મેગેઝીનના સર્વેમાં બતાવાયું છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

રુબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦


# અમેરિકા ઇમિગ્રેશનના કાયદામાં ફેરફાર કરશે

અમેરિકામાં ઓબામા વહીવટી તંત્ર ઇમીગ્રેશન કાયદામાં ફેરફાર કરવાનું વીચારી રહ્યું છે. તંત્ર અમેરિકન નાગરિકોથી છુટા પડેલા અન ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહેલા તેમના બાળકો અને જીવનસાથીને દેશ છોડવા અંગેના નિયમમાં ફેરફાર કરવા માટે યોજના બનાવી રહ્યું છે.હાલમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં લોકોને કાયદેસર વસવાટનો હક મેળવવા માટેની અરજી કરતાં પહેલાં અમેરિકા છોડી દેવું પડે છે.નવા નિયમ અનુસાર દેશ છોડ્યા વગર જ આ ગેરકાયદેસર નાગરિકો પોતાના વસવાટની સમયમર્યાદા વધારવાની અરજી કરી શકશે. જે નાગરિકો ગુનાહિત રેકોર્ડ ધરાવતા નથી અને જેમણે ફક્ત ઇમીગ્રેશન કાયદાનો જ ભંગ કર્યો છે તેઓ જો પુરવાર કરી શકશે કે તેમની ગેરહાજરીથી તેમના જીવનસાથી કે માત-પિતાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તો સરકાર તેમને રાહત આપશે.


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



## www.christianmatrimonial.in

સમગ્ર વિશ્વના કોઇપણ ખુણાંમાંથી આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય પાત્ર મેળવવા માટે એક અજોડ સાઇટ કે જે.

(૧) જેની અર્પણવિધિ સી.એન.આઇ,ગુજરાતના માનનીય બિશપશ્રી માલવીયા સાહેબના હસ્તે કરવામાં આવેલ છે.

(૨) રજીસ્ટ્રેશન તદ્દન મફત છે.

(૩) સમગ્ર વિશ્વના કોઇપણ દેશનાં ક્રિશ્ચિયન દિકરા-દીકરીઓ મેમ્બર થવાથી બહોળી પસંદગીનો અવકાશ છે.

(૪)જે તે ચર્ચના પાળક/ પાદરી/ફાધરનું સર્ટીફીકેટ આપનારનેજ સભ્ય બનાવવામાં આવે છે જેથી નકલી રજીસ્ટ્રેશનની શક્યતાઓ નહીવત રહે છે.

મફત મેમ્બર થવા માટે અને વધુ વિગત માટે અમારી સાઇટ **www.christianmatrimonial.in** નો સંપર્ક કરવા વિનંતી છે.

ડો.ગીરીષ પી.પરમાર,
૩૦૩-૩૦૫,રાધે પાર્ક,ક્રિશ્ના પાર્ક પાસે
દાંડી રોડ,જહાંગીરાબાદ, સુરત. મો.૯૯૨૫૨૩૧૭૦૩

## ફેશબુકની ધુન !

આજે ફેશબુકનો એટલો બધો પ્રચાર થઈ રહ્યો છે ને તેનાં એટલાં બધાં વખાણ કરાય છે કે જેની કલ્પના ના કરી શકાય. યુવાવર્ગમાં તો તેની ધુન લાગી છે ને કલાકોના કલાકો તેમાં યુવક-યુવતિઓ ગાળતાં હોય છે. ફેશબુકની આટલી બધી લોકપ્રિયતાને ધ્યાનમાં લઈ તેના વિશે સાચી જાણકારી કેળવવી અત્યાવશ્યક લાગે છે. ફેશબુકના પ્લસ-માઈનસ પોઈન્ટ વિશે થોડીક વાત કરીએ.

-ફેશબુકમાં આપણા જે મિત્રો છે, બનાવેલા ને બનેલા તેમાંના ૧૦-૨૦ ટકાને જ આપણે અંગત રીતે ઓળખતા હોઈએ છીએ. એમાંના મોટા ભાગના મિત્રો કેવી લાયકાત ધરાવે છે, એમની વિચારસરણી કેવી છે, તેઓ સામાજિક નિસબત ધરાવે છે કે નહિ, ધર્મ ને ઈશ્વરમાં તેમને શ્રદ્ધા છે કે નહિ, મૈત્રીને લાયક છે કે નહિ વગેરે બાબતેની આપણને પૂરી માહિતી હોતી નથી.

-ફેશબુકમાં સંબંધો આંકડામાં હોય છે જે ક્વોન્ટીટી કહેવાય એમાં ગુણવત્તા કે પાત્રતા -ક્વોલીટીને બહુ ઓછું સ્થાન હોય છે.

-એવા મિત્રો જો પ્રત્યક્ષ મળવા કે મદદ માગવા આવે ત્યારે આપણા તેમની સાથેના કંપ્યુટર પરના તથા પ્રત્યક્ષ વ્યવહાર વચ્ચે વિરોધાભાસ માલુમ પડે છે. કંપ્યુટર પર તે વહાલાદવલા લાગે છે; વાસ્તવમાં ત્રાસરૂપ બને છે.

-ફેશબુકમાંના મિત્રો દૂર છે, અદશ્ય છે,અપરિચીત છે એટલે તેમની સાથે સંબંધો બાંધવા ને જાળવવા આસાન છે. નજીક કે ચોપાસ રહેતા લોકો સાથે સંબંધો બાંધવા ને જાળવવા આસાન નથી.

-પરિણામે નજીકના જેને નજરે જોઈએ છીએ, જેમની જરૂરિયાતો ને મુશ્કેલીઓથી આપણે પરિચીત છીએ ને જેમને મારી ખરેખર જરૂર છે તે મારા મિત્રવર્તુળમાંથી બાકાત રહી જાય છે.

-ફેશબુકમાં મોકલવામાં આવતા મેસેજની ઉપયોગિતા, તેની ગુણવત્તા, તેની પ્રસ્તુતતા, સામાજિક નિસબત વગેરેનો જવલ્લેજ વિચાર કરવામાં આવતો હોય છે.

-ફેશબુકમાં કલાકો ને કલાકો ગાળવામાં આવે છે જેનો સદ્ઉપયોગ અન્ય પ્રવૃત્તિઓ જેવીકે શિષ્ટ વાચન, સમાજોપયોગી કામો, જરૂરિયાતોને સહાય કે માર્ગદર્શન વગેરેમાં કરી શકાય છે.

-ફેશબુકમાં સંબંધોનો ગુણાકાર થવાને બદલે માનવીય સંબંધોનો ભાગાકાર થતો જોવામાં આવે છે.

-ફેશબુકમાં બનાવેલા મિત્રોને હું ખરેખર ચાહું છું એવો દાવો કરનારે બાઈબલમાંના આ શબ્દો ઉપર મનન-ચિંતન કરવું જરૂરી લાગે છે. "જો કોઈ એમ કહેતો હોય કે, 'હું ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખું છું,' અને પોતાના ભાઈ પ્રત્યે દ્વેશ રાખતો હોય, તો તે જૂઠું બોલે છે. પોતાની આંખ સામે છે એવા ભાઈ ઉપર જે પ્રેમ રાખતો નથી તે જેને પોતે જોયો નથી એવા ઈશ્વર પ્રત્યે શી રીતે પ્રેમ રાખી શકવાનો હતો? (૧યોહાન ૪:૨૦)"

(ફાધર વિલિયમ)

## ઓબામાને અનુસરવાની હિંમત છે?

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ પોતાની દીકરીઓને ફેસબુકનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. ખુદ ઓબામાએ પ્રમુખપદ માટેની ૨૦૦૮ની ચૂંટણી દરમ્યાન યુવાન મતદારોને આકર્ષવા ફેસબુકનો અને સોશ્યલ નેટવર્કીંગ સાઈટ્નો ભરપૂર ઉપયોગ કર્યો હતો. ઓબામા પોતાની આ ખાસિયતને કારણે ફર્સ્ટ સોશ્યલ મીડીયા પ્રેસીડેન્ટ તરીકે ઓળખાવા માંડ્યા. એમના ફેશબુક પર ઓબામાના વસો ચાળીસ લાખ ચાહનારા નોંધાયેલા છે.

ઓબામાને બે વહાલી દીકરીઓ છે. મોટી માલિયા તેર વર્ષની અને નાની સાશા દશ વર્ષની છે.ઓબામાએ જણાવ્યું છે કે મારી બંને દીકરીઓ ચાર વર્ષ મોટી ન થાય ત્યાં સુધી ફેસબુકનો ઉપયોગ ન કરે એમ હું ઈચ્છું છું. આ ચાર વર્ષ દરમ્યાન તેઓને કેવું લાગે છે તે અમે જોઈશું. ઓબામાએ પ્રતિબંધને યથાર્થ ઠેરવતાં કહ્યું, આપણી અંગત પારિવારિક વાતોને અસંખ્ય અજાણ્યા માણસો સામે શા માટે મૂકવી જોઈએ ? એવું કરવામાં કોઈ સમજદારી નથી.

ઓબામાના નિર્ણયને રાબેતા મુજબ રાજકીય અને સામાજિક વિવેચકોએ કોરડા ફટકારવાનું શરૂ કર્યું છે. પ્રેસીડેન્ટ મોટી દીકરીને પણ કદાચ આ ફરમાન સ્વીકાર્ય નહિ બને. દસ વર્ષની સાશા ત્રણ ચાર વર્ષ પછી ગૂંગળામણ અનુભવશે. બંને છોકરીઓ ચાર વર્ષ પછી પિતાના આદેશને અવગણીને પોતાની રીતે વર્તવાનું શરૂ કરી દેશે એવી શક્યતાસ્વીકારીને ચાલવાનું રહે.

અમેરિકાના પ્રમુખે પોતાની પુત્રીઓને ઉછેરવામાં અને સંસ્કારી બનાવવામાં પિતા તરીકેની સક્રિય ભૂમિક અદા કરી હોય એવો આ બીજો પ્રસંગ છે. થોડાક મહિનાઓ પર ચર્ચમાં પ્રાર્થના પતાવીને બહાર નીકળતા ઓબામાને પત્રકારોએ ઝડપી લીધા અને પૂછ્યું, મિ.પ્રેસીડેન્ટ આપે ભગવાનને શી પ્રાર્થના કરી ? ઓબામાએ ટૂંકમાં વાત પતાવતા ઉતાવળે જણાવ્યું, અમેરિકાને આર્થિક મંદીમાંથી ઉગારવા અમારી સરકારે જે પગલાં ભર્યાં તેને સફળતા મળે એવી મારી પ્રાર્થના હતી. પત્રકારોએ તરત બીજો પ્રશ્ન ઉછાળ્યો, આપના પરિવારના સંદર્ભમાં આપની પ્રાર્થના શી હતી? હવે આ પ્રશ્નનો જવાબ પ્રેસિડેન્ટ ઓબામા નથી આપતા, દીકરીના પિતા એવા ચિંતાગ્રસ્ત ઓબામા આપે છે. મારી પ્રભુને પ્રાર્થના હતી કે મારી પુત્રી પાર્ટીમાં પહોંચે ત્યાં સુધીમાં એના મિની સ્કર્ટની લંબાઈમાં થોડોક વધારો થઈ જાય! દીકરીની સલામતી માટે ચિંતા કરવા અમેરિકાના પ્રેસીડેન્ટ પાસે સમય છે. આપણી પાસે છે?

ઓબામાએ બંને દીકરીઓને ફેસબુકથી દૂર રહેવાની સલાહ આપીને પોતે દીકરીઓની ચિંતા રાખાનારા એમની સલામતી અંગે જાગૃત રહેનારા પિતા હોવાનો પુરાવો ફરી એકવાર આપ્યો. ઓબામા આદર્શ પિતા હોવાની ઈમેજ અમેરિકામાં ને દુનિયામાં ધરાવે છે. તેઓ બંને દીકરીઓને લઈને બુક શોપ્સમાં જાય છે અને વાંચવા યોગ્ય પુસ્તકો ખરીદવામાં મદદ કરે છે. તેઓ સમયાંતરે પુત્રીઓની સ્કુલમાં જઈ શિક્ષકો સાથે એમના અભ્યાસ અંગે ચર્ચાઓ કરે છે.

જવાહરલાલ નહેરૂએ જે રીતે ઈંદિરાને કેળવણી આપેલી એ જ રીતે બરાક ઓબામા પોતાની બંને પુત્રીઓને સંસ્કાર અને કેળવણી આપવાનું કામ કરતા રહ્યા છે. અમેરિકાના પ્રેસીડેન્ટ હોવા છતાં એમણે પોતાનામાં રહેલા પિતાને મરવા દીધો નથી. પિતા તરીકેની પોતાનૂ ભૂમિકાને તેઓ પ્રશંસા કરવી પડે એ હદે ન્યાય આપે છે ત્યારે ભારતીય પિતાઓ શું કરી રહ્યા છે તે તપાસવાનું જરૂરી બની જાય છે.

મારે ખેદ સાથે નોંધવું છે કે ટીન એજમાંથી પસાર થઈ રહેલાં સંતાનોને માવજત લઈને ઉછેરવાનો કે સાચવવાનો સમય ભારતના વ્યસ્ત પુરુષો પાસે નથી. ગુજરાતનાં નગરો અને મહાનગરોનો શીનારીયો ચિંતા ઉપજાવે એટલો ભયાનક છે. મુંબઈમાં પંદર વર્ષની છોકરી બાળકને જન્મ આપવાની તૈયારી કરી રહી છે.

ગુજરાતમાં દર સપ્તાહે થોડીક છોકરીઓ કહેવાતા પ્રેમમાં નિષ્ફળતા મળવાથી કે પ્રેગનન્ટ બનવાથી આત્મહત્યા કરવા પ્રેરાય છે. તેર ચૌદ વર્ષની બાલિકા હાથમાં મોબાઈલ ફોન રમાડતી રમાડતી બોયફ્રેન્ડ સાથે મુલાકાતનું સ્થળ અને સમય સેટ કરતી દેખાય છે. આખો દિવસ એ મોબાઈલ ફોન પર બીભત્સ સંદેશાની આપલે કરતી દેખાય છે. કોણે પોતાની દીકરીને મોબાઈલ ફોનથી દૂર રહેવાની સલાહ આપી? કયા પિતામાં તરુણ સંતાનોને ફેસબુક પર જતાં રોકવાની હિંમત છે? જે પિતા પોતાનાં બાળકો માટે પૂરતો સમય ફાવવે છે, પોતાનાં સંતાનોને ખરેખર ચાહે છે એ જ પિતા પ્રતિબંધ મૂકવાનો અધિકાર મેળવી શકે છે.

વાલીમંડળની સભાઓમાં મેં વારંવાર તીવ્ર રોષ સાથે વાલીઓને પૂછ્યું છે, તમારી દીકરી શરીરને ઢાંકવાને બદલે ખુલ્લું કરે એવાં બેહૂદાં વસ્ત્રો પહેરીને કોલેજમાં જાય છે. કોલેજના ઓટોગ્રાફ કે સીગ્નેચર જે ઉજવાય છે ત્યારે તમારી દીકરીનો બોયફ્રેન્ડ આપણે વાંચી પણ ન શકીએ એટલાં ગંદાં લખાણો એની પીઠ પર ચિતરે છે, તમને આ બધું દેખાતું નથી? તમે એમને કેમ રોકતા નથી? કાર્યક્રમને અંતેલાચાર, દુઃખી પિતાઓ પોતાના બચાવમાં કહે છે સર, અમે બધું સમજીએ છીએ પરંતુ તે અમારું સાંભળતી નથી, અમને ગાંઠતી જ નથી.

પશ્ચિમની સંસ્કૃતિમાં ઉછરતી ઓબામાની દીકરીઓ માટે ફેસબુકના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી શકાય છે, દીકરીઓએ પિતાના આદેશનો વિરોધ કર્યો હોય એવા કોઈ રિપોર્ટસ મળ્યા નથી. આપણામાં ઓબામા જેટલી હિંમત કેમ નથી? આપણી નજર સામે તેઓ સર્વનાશની દિશામાં ધકેલાઈ રહ્યાં છે આપણે એમને કેમ રોકી શકતા નથી?કારણો સ્પષ્ટ છે. આપણે પૈસા કમાવામાં વ્યસ્ત છીએ. આપણે ઓબામા કરતાંય વધારે બીઝી છીએ. આપણે આપણાં સંતાનોને ઐયાસી કરવા પાંચસો પાંચસો અને હજાર હજાર રૂપિયાની ગાંધીછાપ નોટો આપી શકીએ છીએ. પરંતુ આપણે એમને ગાંધીજી જેવું જીવન કઈ રીતે જીવવું તેના સંસ્કાર આપતા નથી. એમને માટે પાંચ મિનિટનો સમય ફાળવી શકતા નથી. આપણે ઓબામા કરતાં મહાન છીએ, મોટા માણસ છીએ. મોબાઈલ ફોન કે ફેસબુકનો ઉપયોગ કરવા પર સંતાનોને મનાઈ ફરમાવી શકાય? ના ભૈ ના અમે એટલા જૂનવાણી કે રૂઢિચૂસ્ત નથી. અમારી પંદર સત્તર વર્ષની દીકરીને પાંચ સાત બોયફ્રેન્ડ હોવાનું અમને ગૌરવ છે. અને ઓબામાને શા માટે અનુસરીએ? કોણ સાચું છે, ઓબામા કે આપણે? નિરાંતે વિચાર કરવાનો આ અવસર છે.

જો ઓબામાને અનુસરવાની હિંમત નહિ બતાવીએ તો સંતાનોને સર્વનાશ નિશ્ચિત છે એ બાબતે કોઈને શંકા ન રહેવી જોઈએ. (સૌઃ સંદેશ)

લેખકઃ વિશ્વામિત્ર (ગુરુવાણી)




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## પ્રતિનિધિ નિમવાના છે

જીલ્લા અને તાલુકાવાર પ્રતિનિધિઓની નિમણુંક કરવાની છે.આપના વિસ્તારના સમાચારો એકઠા કરી,નવા ગ્રાહકો ઉભા કરી લવાજમો ઉઘરાવી શકો તેમ છો, તેમજ સાપ્તાહિક માટે જાહેર ખબરો લાવી આપી શકો તેમ છો.તો આપની કામગીરી માટે આપને યોગ્ય કમિશનના ધોરણે નિમણુંક આપવામાં આવશે.તમારી સંપુર્ણ વિગતો સહીત નીચેના સરનામા પર સંપર્ક કરો યા લખો.

**તંત્રી,નવક્રાન્તિ સાપ્તાહીક,**
૨/૧૦, સોનીયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર,
અમદાવાદ૩૮૦ ૦૦૭
મો.૯૮૨૫૧-૯૯૩૮૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.